ખેડબ્રહ્મા પોલીસે ચોરીના ૧૩ ગુનાની ૨૦ બાઇક રિકવર કરી

ખેડબ્રહ્મા માલ મિલકત અને વાહનચોરીના ગુન્હાઓ શોધવા માટે પોલીસ અધિક્ષક ચૈતન્ય મડંલીકની સચુના આધારે ઇન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક બી.સી. બારોટના માર્ગદર્શનમા ખેડબ્રહ્મા પી.એસ.આઈ. વી.બી. પટેલ, પોલીસ સ્ટાફના વિષ્ણુભાઈ, રાકેશભાઈ, જયંતીભાઈ, ભુપેન્દ્રભાઈ વગેરે ખેડબ્રહ્માં બસ સ્ટેશન હાઇવે રોડ ઉપર વાહન ચેકીંગ કરી શંકાસ્પદ વાહનોનું ચેકીંગ કરતા હતા ત્યારે ખેરોજ હાઇવે તરફથી હીરો આઇ સ્માર્ટ બાઇક નં. જીજે.૩૧.બી.૫૦૨૩ લઇને બેઇસમો આવતા તેને રોકવા જતા પોતાનું બાઇક પરત ફેરવી ખેરોજ તરફ ભાગ્યા હતા જેથી પોલીસે તેનો પીછો કરતા જગમેર કંપા પાસે પકડી પાડેલ જેમા એક સગીર તથા કાન્તીલાલ સાયબાભાઇ કેહરાભાઇ પારધી રહે. સડા (રાજપરૂ) તા.કોટડા, જી.ઉદેપુર રાજસ્થાનનાને પકડી તેની પાસે બાઇકના આધાર પુરાવા માગતા તેની પાસે ન હોવાનું જણાવતા પોકેટ કોપ મોબાઇલ પર તપાસ કરતા બાઇક માટે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ૧૧૨૦૯૦૨૮૨૦૦૭૦૩/૨૦૨૦ મુજબનો બાઇક ચોરીનો ગુનો નોંધાયેલ હોઈ વધુ તપાસ હાથ ધરતા જિલ્લામાંથી જુદી જુદી જગ્યાએથી ગુના આચારેલ હોવાનું બહાર આવતા પોલીસે તાપસ હાથ ધરી અન્ય ૨૦બાઇકો રિકવર કરી હતી. અને અન્ય સાત આરોઈઓને પકડવાની તજવીજ હાથ ધરી હતી.

ખેડબ્રહ્મામા અંબિકા માતાજી સહિત તમામ મંડળોની નવરાત્રી ગરબા મોકૂફ રાખવાનો નિર્ણય

ખેડબ્રહ્મા, તા. ૧૪

ખેડબ્રહ્મા ખાતે આવેલ અંબિકા માતાજી મંદિર મા દર વર્ષે નવરાત્રીમાં ધામધુમથી ગરબાનું આયોજન કરવામાં આવે છે પરંતુ ચાલુ વર્ષે કોરોના મહામારીના કારણે સરકારની ગાઈડ લાઈન મુજબ ૧૭ ઓક્ટોબરથી શરૂ થતી નવરાત્રી મહોત્સવમાં ગરબાનું આયોજન કરવામાં નહીં આવે. પણ મંદિરમાં ઘટ સ્થાપન, પૂજા આરતી, તેમજ શાસ્ત્રીય વિધિ વિધાન અનુસાર નવરાત્રીમાં અનુસ્થાન કરવામાં આવશે. નવરાત્રીમાં યાત્રિકો માટે મંદિર ખુલ્લું રહેશે. અને નવરાત્રીમાં ભક્તોને ઘર બેઠા દર્શન માટે સોશ્યલ મીડિયા પર પણ દર્શન માટેની વ્યવસ્થા કરવામાં આવી છે.



આ ઉપરાંત ખેડબ્રહ્મા પ્રાંત એચ.યુ. શાહ ધ્વારા શહેરના નવરાત્રી મંડળોની મિટિંગ યોજી હતી જેમા જાહેરનામા મુજબ નવરાત્રી યોજવાની હોઈ મોટા ભાગના મંડળોએ નવરાત્રી ગરબા ન યોજવાના નિર્ણય કર્યો હતો.

ધી વિજયનગર તાલુકા પ્રાયમરી ટીચર્સ કો. ઓ. કેડીટ સો. લી.ના વા. ચેરમેન પદે નિમણુંક

વિજયનગર તાલુકાના ધી વિજયનગર તાલુકા પ્રાયમરી ટીચર્સ કો.ઓ. કેડીટ સો.લી.ના વા. ચેરમેન

પદે લાલજીભાઈ એમ. ડાભીની નિમણુંક કરાતા આનંદની લાગણી પ્રસરી છે.ધી વિજયનગર તાલુકા પ્રાયમરી ટીચર્સ કો.ઓ.કેડીટ સો.લી.ના હોદ્દેદારો, કારોબારી સભ્યો, શિક્ષકો, સગાં-સબંધીઓ અને શુભેચ્છકોએ બિરદાવ્યા હતા.

પ્રાંતિજ એપ્રોચ રોડ પર સ્ટ્રીટ લાઈટો બંધ

પ્રાંતિજ, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પ્રાંતિજના હાર્દ સમાન એપ્રોચરોડ પર છેલ્લા પંદર દિવસથી સ્ટ્રીટ લાઈટો બંધ રહેતા રાત્રીના સમયે રોજીંદુ અવરજવર કરતા નગરજનો સહિત આ વિસ્તારના રહીશો પરેશાન છે.

પ્રાંતિજના હાર્દ સમાન એપ્રોચ રોડ ઉપર છેલ્લા પંદર દિવસથી રોડની વચોવચ લગાડવામાં આવેલ સ્ટ્રીટ લાઈટો અડધો અડધ બંધ રહેતા આજુબાજુમાં આવેલ સોસાયટીના રહીશોને તથા રોડ ઉપર રોજીંદુ અવરજવર કરતા નગરજનોને અંધારાને લઈને મોટી તકલીફો પડી રહી છે. પ્રાંતિજ પાલિકામાં રજુઆત કરવા

છતાં પણ કોઈજ કાર્યવાહી કરવામાં આવી નથી. નગરપાલિકાના મુખ્ય અધિકારી આકાશભાઈ પટેલને તો આવી નાની નાની સમસ્યાઓમાં કોઈ રસ જ નથી, ત્યારે તેવોનુ તો હેડક્વાટર પણ અહી ના હોવાથી તેવોને શું ખબર પડે કે રાત્રી દરમ્યાન અહીના રહીશોને સ્ટ્રીટ લાઈટો વગર શું તકલીફ પડે છે. બસ એમને તો અગિયાર વાગે આવવું ને પાંચ વાગે નીકળી જવું ત્યારે હાલ તો સ્ટ્રીટ લાઈટોમાં નાની એવી સમસ્યાને લઈને છેલ્લા પંદર દિવસથી એપ્રોચરોડ ઉપર અંધાર છવાયું અને સોસાયટીના રહીશો તથા અવરજવર કરતા રહીશો રાત્રીના સમયે પરેશાન થઈ રહ્યાં છે.

ખેત પેદાશને સ્વામીનાથન આયોગ મુજબ

એમ.એસ.પી. નક્કી કરવા અને કાયદાકીય રક્ષણ આપવાની માંગ

ભારત કૃષિપ્રધાન દેશ છે ખેતી કરનાર ખેડૂતો ખેત પેદાશના પૂરતા પ્રમાણમાં ભાવ ન મળતા

આર્થિક નુકશાન વેઠી રહ્યા હોવાથી ખેતીને તિલાંજલિ આપી રહ્યા છે. ખેડૂતો દેવાના ડુંગર નીચે દટાતા અનેક ખેડૂતો આત્મહત્યા કરી રહ્યા છે. ખેડૂતોની આવી હાલતમાં સરકારે ખેડૂતો પર રહેલા દેવા નાબૂદ કરવાના બદલે એસેંસિયલ કોમોડીટી એમેન્ડમેન્ટ બીલ-૨૦૨૦ થી કાયદો બનાવી ૨૨ જેટલી ખેત પેદાશોને આવશ્યક ચીજ માંથી હટાવી લઈ મુક્ત બજારને હવાલે કરી દેશી-વિદેશી કંપનીઓને ખરીદવા-વેચવા, આયાત-નિકાસ અને અમર્યાદિત સંગ્રહ કરવાની છૂટ આપતા આગામી સમયમાં ખેડૂતોને નુકશાન થતા વધુ હાલત કફોડી બનશે જણાવી વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સંબોધી આવેદનપત્ર અરવલ્લી જીલ્લા કલેકટરને આપવામાં આવ્યું હતું.

ગુજરાત કિસાન સભા-અરવલ્લી ના સદસ્યોએ જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે એસેન્સીયલ કોમોડીટી એમેન્ડમેન્ટ બીલ-૨૦૨૦થી કાયદો બનાવી ૨૨ જેટલી જણસીઓ આવશ્યક ચીજોમાંથી મુક્ત થતાં આ ખેત જણસીઓને કેન્દ્ર સરકારની એમ.એસ.પી. યોજનાની છત્રછાયા ઝુંટવાઈ જશે એવું ખેડૂતો માની રહ્યાં છે. આવશ્યક ચીજો દેશની જનતાની જરૂરિયાત માટે હોય સરકાર રાસાયણિક ખાતર - બિયારણ અને અન્ય સહાયોની સબસીડી સરકાર ધીમે ધીમે બંધ કરી દેશે જેનાથી ખેડૂતોની ખેતી વધુ સંકટગ્રસ્ત બનશે. આવશ્યક ચીજોના ભાવ પોષણક્ષમ બને તે અંગે એમ.એસ.પી. લઘુત્તમ ટેકાના ભાવ સ્વામિનાથન આયોગની ભલામણ મુજબ આપવાને બદલે સરકારે બનાવેલ કાયદાથી સરકાર લઘુત્તમ ટેકાના ભાવની ખરીદી બંધ થશે તો ખેડૂતો કંપનીઓના વેપારથી શોષણનો ભોગ બનશે.

મોડાસાની કેદારનાથ સોસાયટી નજીક

પેવરબ્લોક નાખ્યા બાદ કોન્ટ્રાકટરે અને નગરપાલિકાએ માટીના ઢગ યથાવત રાખતા લોકોમાં ઉગ્ર રોષ

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં વિકાસના કામોના નામે અનેકવાર આડેધડ ખોદકામ કરવામાં આવતું હોવાની બૂમો ઉઠી રહી છે. મોડાસા શહેરમાં આવેલી કેદારનાથ સોસાયટી નજીક ડીપી રોડ પર પેવરબ્લોક નાખવામાં આવ્યા છે. પેવર બ્લોક નાખવાની કામગીરી પૂર્ણ થયાને એક મહિના જેટલો સમય થવા છતાં પેવરબ્લોક નાખવા ખોદેલ ખાડાની માટીના ઢગલા હટાવ્યા વગર કોન્ટ્રાકટર કામગીરી આટોપી લેતા સોસાયટીમાં રહેતા લોકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. કોન્ટ્રાકટર અને નગરપાલિકામાં વારંવાર માટીના ઢગ હટાવવા રજુઆત કરવા છતાં જાણે લોકોની રજુઆત બહેરા કાને અથડાઈ પાછી ફરી રહેતા જાગૃત યુવકે સોશ્યલ મીડિયાનો સહારો લઈ કોન્ટ્રાકટર અને નગરપાલિકાને નિંભર નિંદ્રામાંથી ઉઠાડવાનો પ્રયત્ન કર્યો હતો.

હાલ ઈન્ટરનેટના યુગમાં સોશ્યલ મીડિયાનો ઉપયોગ અને દુરુપયોગ વ્યાપક પ્રમાણમાં થઈ રહ્યો છે જાગૃત યુવકો અને લોકો તેમની વ્યથા અને મુશ્કેલીઓનું સમાધાન ન થતા સોશિયલ

મીડિયામાં ફેસબુક, ટ્વિટર, વોટ્સ એપ, ઈન્સ્ટાગ્રામ, બ્લોગ્સ પર તેમની વ્યથા અને મુશ્કેલી ઠાલવતા હોય છે ત્યારે મોડાસા શહેરની કેદારનાથ સોસાયટી નજીક એક મહિના અગાઉ પેવરબ્લોક નાખવાની કામગીરી દરમિયાન ખડકેલ માટીના ઢગ હટાવવાનું કોન્ટ્રાકટરે મુનાસીબ ન સમજતા સોસાયટીના રહીશો અને રાહદારીઓ માટે ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હોવાથી માટીના ઢગ હટાવવા કોન્ટ્રાકટર અને નગરપાલિકાને જાણ કરવા છતાં કોન્ટ્રાકટર કે નગરપાલિકા તંત્ર માટીના ઢગ ન હટાવતા સોસાયટીના જાગૃત યુવક ઉત્સવ પટેલે સોશ્યલ મીડિયામાં કોન્ટ્રાકટર અને નગરપાલિકાની બેદરકારીના ફોટો પાડી ન્યાયની ગુહાર લગાવી છે ત્યારે જોવું રહ્યું કે કોન્ટ્રાકટર કે નગરપાલિકા તંત્ર માટીના ઢગ ક્યારે ઉઠાવશે.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના સાંસદનો ભિલોડા તાલુકાના વિવિધ ગામનો પ્રવાસ યોજાયો

ભિલોડા, તા. ૧૪

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના કુંડોલપાલ જીલ્લા પંચાયત સીટના

ચોરીમાલા ગામમા કૃષિ વિધેયક અંગે સાબરકાંઠા-અરવલ્લીના સાંસદ દિપસિંહ રાઠોડનો પ્રવાસ યોજાયો હતો. અરવલ્લી જિલ્લા ભાજપા પ્રમુખ રણવીરસિંહ ડાભી, અરવલ્લી જીલ્લા ભાજપા ઉપપ્રમુખ નિલાબેન મડિયા, અરવલ્લી જીલ્લા ઉદ્યોગ સેલના કન્વીનર હસમુખભાઈ મડિયા, અરવલ્લી જીલ્લા ભાજપા પુર્વ ઉપપ્રમુખ ગુણવંતભાઈ ત્રિવેદી, ભિલોડા તાલુકા ભાજપા સંગઠન પ્રમુખ કાન્તીભાઈ પટેલ, ભિલોડા તાલુકા ભાજપા મહામંત્રી ભવાનભાઈ તરાર, ચોરીમાલા ગામના ભાજપ અગ્રણીઓ દ્વારા ખાટલા બેઠક યોજાઈ હતી.

બેઠકમાં કૃષિ સુધારા બિલ સમજુતી કાર્યક્રમ યોજાયો હતો. પુર્વ તાલુકા પંચાયત સદસ્ય સિધ્ધરાજભાઈ ચોલવીયા, ભિલોડા ભાજપા મંત્રી ખિમજીભાઈ ડામોર, જમનાબેન ખરાડી સહિત પ્રકાશભાઈ ખરાડી, મગનભાઈ અસારી, ચંદુભાઈ ખરાડી, મગનભાઈ પરમાર, બચુ મહારાજ, અમૃતભાઈ નિનામા સહિત ભાજપના હોદ્દેદારો, સામાજીક આગેવાનો, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

જનઆંદોલન થકી જાગૃત્તિ આણવાનો અલૌકિક પ્રયાસ કરી રહ્યા છે પાંચ કોવિડ વિજય રથ

આજે સાડત્રીસમાં દિવસે પાંચ કોવિડ વિજય રથ રાજ્યના દેવભૂમિ દ્વારકા, સુરત, જૂનાગઢ, છોટાઉદેપુર અરવલ્લી જિલ્લાના ગામેગામમાં ભ્રમણ કરી રહ્યા છે. 'સાવચેતીને સંગ, જીતીશું જંગલ્ય એ નારા સાથે સતત નાગરિકોને માસ્ક બરાબર રીતે પહેરવો,

સાબુથી હાથ વારંવાર ધોવા અને ૬ ફુટના સામાજિક અંતરનું પાલન કરવું એ ત્રણ મુખ્ય બાબતો તેમજ કેન્દ્ર સરકારની વિવિધ પહેલો તથા મહિલા અને બાળકોમાં પોષણના મહત્વ વિશે જાગૃત કરી રહ્યા છે. આ ઉપરાંત માનનીય પ્રધાનમંત્રીના જનઆંદોલનને કેન્દ્રમાં રાખીને જન-જન સુધી કોવિડ વિજય સાથ સાવચેતી, સલામતી અને જાગૃતિના શપથ લેવડાવી રહ્યા છે, સાથે જ સૌનું સ્વાસ્થ્ય સલામત રહે એની કાળજી પણ લઈ રહ્યા છે. રથ દ્વારા લોકોમાં નિઃશુલ્ક આયુર્વેદિક અને હોમિયોપેથીક દવાઓની કીટનું વિતરણ પણ અવિરત ચાલુ છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકા પંચાયત કચેરીથી તાલુકા વિકાસ અધિકારીશ્રી તેમજ મામલતદાર શ્રીએ લીલી ઝંડી બતાવી રથનું પ્રસ્થાન કરાવ્યું હતું. આ સાથે જ લોકોમાં નિઃશુલ્ક આયુર્વેદિક અને હોમિયોપેથીક દવાઓની કીટનું વિતરણ કર્યું. સાંજે ૪ વાગે દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકા ખાતે રથે રોકાણ કર્યું હતું. આજે રથે સુરત જિલ્લાના મહુવા તાલુકાથી પ્રસ્થાન કર્યું હતું. હેલ્થ અને વેલનેસ સબ સ્ટેશન, વેલણપુર ખાતે આરતીબેન એસ. પવારે રથને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. રથ પર સવાર કલાકારો આયુર્વેદિક સંશમની દવા અને હોમિયોપેથીક ઈમ્યુનીટી બુસ્ટર દવાઓની કીટનું વિના મૂલ્યે વિતરણ કર્યું હતું.

આજે સવારે ૧૦ વાગે ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના ડાભોર ગામના સરપંચ મનસુખભાઈ ધારીયાએ લીલી ઝંડી આપી રથને પ્રસ્થાન કરાવ્યું હતું. કોવિડ વિજય રથ ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના ગ્રામ્ય વિસ્તાર તેમજ જૂનાગઢ જિલ્લાના માળીયા હાટીના તાલુકાના વિસ્તારો અને માંગરોળ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ફર્યો હતો. દિવસના અંતે સાંજે ૪ વાગે જૂનાગઢ જિલ્લાના માંગરોળમાં રોકાણ કર્યું હતું. રથ પર સવાર કલાકારોએ સ્થાનિકોમાં આયુર્વેદિક અને હોમિયોપેથીક દવાઓનું તેમજ માસ્કનું નિઃશુલ્ક વિતરણ કર્યું હતું.

આજે રથે છોટાઉદેપુર જિલ્લામાં નસવાડી તાલુકાના સામૂહિક આરોગ્ય કેન્દ્રથી રથે પ્રસ્થાન કર્યું હતું. બ્લોક હેલ્થ ઓફિસર શ્રીએ રથને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. સમગ્ર દિવસ દરમિયાન રથે પોષણના મહત્વ વિશે તેમજ પાંચ વર્ષ સુધીના બાળકોમાં રસીકરણના મહત્વ વિશે જાગૃતિ સંદેશ પહોંચાડ્યો હતો તેમજ સ્થાનિકોમાં આયુર્વેદિક અને હોમિયોપેથીક દવાઓની કીટનું નિઃશુલ્ક વિતરણ કર્યું હતું.

આજે સાડત્રીસમા દિવસે કોવિડ વિજય રથે અરવલ્લી જિલ્લાની તલોદ તાલુકા પંચાયત કચેરી ખાતેથી માનનીય ધારાસભ્ય શ્રી ગજેન્દ્ર સિંહ પરમારે લીલી ઝંડી બતાવી રથનું પ્રસ્થાન કરાવ્યું હતું. રથ પર સવાર કલાકારો આયુર્વેદિક સંશમની દવા અને હોમિયોપેથીક ઈમ્યુનીટી બુસ્ટર દવાઓની કીટનું વિના મૂલ્યે વિતરણ કર્યું હતું.

મોડાસાના કલ્પતરૂ સોસાયટીમાં ઘર નજીક પાર્ક કરેલી ફોર્ચ્યુનર કાર ગાયબ થતા પીડબ્લ્યુડીના એન્જીનીયરે ફરિયાદ નોંધવી

મોડાસા, તા. ૧૪

મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં બાઈક ચોરીની ઘટનાઓ સામાન્ય બની ગઈ છે. વાહનચાલકો પાસેથી પોલીસ અરજી લઈ સંતોષ માનતી

હોય છે ત્યારે મોડાસા શહેરમાં લકઝુરિયસ કાર ચોરતી આંતરરાજ્ય ટોળકી સક્રીય થતા કારમાલિકોમાં ફફડાટ ફેલાયો છે. મોડાસા શહેરના મેઘરજ રોડ પર આવેલી કલ્પતરૂ સોસાયટીમાં ઘર નજીક પાર્ક કરેલી ફોર્ચ્યુનર ગાડી રાત્રીના સમયે ચોર ટોળકી લઈ પલાયન થઈ જતા ઘર નજીક પાર્ક કરેલી ૨૫ લાખની એસયુવી ગાડી ચોરાતાં કાર માલિક સહીત મોડાસા શહેરમાં ભારે ચકચાર મચી છે. મોડાસા ટાઉન પોલીસે કાર ચોરીનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગાડીના માલિકે મિત્રો સાથે ગાડીની શોધખોળ ચાલુ રાખતા રાજસ્થાનના ચિત્તોડગઢ સુધી ટોલટેક્ષ પર ચોરેલ ફોર્ચ્યુનર સાથે બે ચોર કેદ થયા પછી ગાયબ થઈ ગઈ હોવાનું કાર માલિકે જણાવ્યું હતું.

મોડાસા માર્ગ અને મકાન વિભાગમાં આસિસ્ટન્ટ એન્જીનીયર તરીકે ફરજ બજાવતા નિર્મલ યશવંતભાઈ ચૌધરી મોડાસાના મેઘરજ રોડ પર આવેલ કલ્પતરૂ સોસાયટીમાં રહે છે, થોડા મહિના અગાઉ જ ફોર્ચ્યુનર ગાડી ખરીદી હતી રવિવારે પરિવાર સાથે ફોર્ચ્યુનર (ગાડી.નં-જીજે.૧૮.બીજે. ૯૮૯૮) લઈ બાયડ જઈ પરત ઘરે ફર્યા હતા. રાબેતા મુજબ ફોર્ચ્યુનર ઘર નજીક પાર્કિંગમાં પાર્ક કરી સુઈ ગયા હતા સોમવારે સવારે ફોર્ચ્યુનર ઘર બહાર જોવા ન મળતા ફોર્ચ્યુનર ગાડીની આજુબાજુ અને મોડાસા શહેરમાં તપાસ કરવા છતાં મળી ન આવતા આખરે આસિસ્ટન્ટ એન્જીનીયરે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા ટાઉન પોલીસે અજાણયા ચોર ઈસમો સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ફોર્ચ્યુનર ગાડી ચોરાઈ જતા ગાડીના માલિક નિર્મલ ચૌધરી તેમના મિત્રો સાથે ફોર્ચ્યુનર ગાડીની શોધખોળ હાથ ધરાતા ફોર્ચ્યુનર ગાડી રાજસ્થાન તરફ લઈ જતા ચોર સીસીટીવીમાં કેદ થતા રાજસ્થાનમાં પહોંચી વીવીધ ટોલટેક્ષના સીસીટીવી ચેક કરતા ચિત્તોડગઢ નજીક આવેલા ટોલપ્લાઝાના સીસીટીવી કેમેરામાં ચોરેલ ફોર્ચ્યુનર સાથે બે ચોર પસાર થતા કેમેરામાં કેદ થયા બાદ ફોર્ચ્યુનર ક્યાં ગાયબ થઈ હોવાનું જણાવ્યું હતું.

ભિલોડા તાલુકામાં નવરાત્રી મહોત્સવ દરમિયાન

નીતિ-નિયમોનું પાલન કરાવવા આયોજકોને તાકીદ

ભિલોડા,તા.૧૪

કોરોના વાઈરસની મહામારી દરમ્યાન આ વર્ષે ગુજરાત રાજ્યનો મુખ્ય તહેવાર નવરાત્રીને કોરોનાનું ગ્રહણ લાગ્યું હોઈ ખૈલૈયાઓ અને નવરાત્રી મંડળના આયોજકો ભારે મુંઝવણમાં મુંકાયા છે. નવરાત્રી મહોત્સવ દરમ્યાન નિતિ-નિયમો અને શરતોને આધિન જ નવરાત્રી મહોત્સવની ઉજવણી થાય તે માટે ગુજરાત રાજ્ય સરકારે બહાર પાડેલી માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન થાય તેના માટે અગાઉથી આયોજન કરી શકાય તે માટે ભિલોડા પોલીસ સ્ટેશન પરીસરમાં પી.એસ.આઈ. કે. કે. રાજપુતના અધ્યક્ષ સ્થાને શાંતિ સમિતિ અને સામાજીક આગેવાનોની ઉપસ્થિતીમાં નવરાત્રી મહોત્સવ નિમિત્તે નવરાત્રી મંડળના આયોજકો સાથે વિશેષ બેઠક યોજાઈ હતી. ગુજરાત રાજ્ય સરકારની ગાઈડ લાઈન મુજબ જ નવરાત્રી મહોત્સવની ઉજવણી કરવા પી.એસ.આઈ.એ ખાસ અનુરોધ કર્યો હતો. નવરાત્રી મહોત્સવની ઉજવણી સંદર્ભે આયોજકો સાથે પી.એસ.આઈ.ની બેઠક યોજાઈ હતી. નિતિ-નિયમોનું ચુસ્તપણે પાલન કરાવવા નવરાત્રી મંડળના આયોજકોને વિશેષ સુચના અપાઈ હતી.

કોરોના વાઈરસની મહામારી દરમ્યાન કોરોનાથી બચવા માટે સલામતીના ભાગ રૂપે નવરાત્રી મહોત્સવ નિમિત્તે ગુજરાત રાજ્ય સરકારની ગાઈડ લાઈન મુજબ આયોજન કરવા ફરમાન કર્યું હતું. નવરાત્રી મંડળના આયોજકોએ સામુહિક સહમતી પણ દર્શાવી હતી. નવરાત્રી સ્થળ પર નિતિ-નિયમોનું ચોક્કસ પાલન કરાવવાની જવાબદારી આયોજકોની રહેશે તેમ જણાવ્યું હતું. નવરાત્રી મહોત્સવ દરમ્યાન કોઈ પણ જગ્યાએ નવરાત્રી મંડળના આયોજકો નિતિ-નિયમોનું ઉલ્લઘન કરશે તો પોલીસ ધ્વારા ન્યાયિક કાર્યવાહી હાથ ધરાશે તેવી તાકીદ કરાઈ હતી.